| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૧/૦૭/૨૦૨૦ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૧૪૬/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૦/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૯૪૩૮ | ૯૯ | ૯૫૩૭ | ૧૫૪૯૬ | ૯૯ | ૧૫૫૯૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૬૫ | ૦ | ૪૨૬૫ | ૫૭૮૧ | ૦ | ૫૭૮૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૩ | ૦ | ૪૩ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૧૧૦૯ | ૫૫ | ૧૧૧૬૪ | ૧૧૭૫૯ | ૩૮ | ૧૧૭૯૭ |
| કુલ | | ૨૪૮૫૫ | ૧૫૪ | ૨૫૦૦૯ | ૩૩૨૩૯ | ૧૩૭ | ૩૩૩૭૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૪ | ૬,૫૮,૨૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫૨૮૮ | ૧૦,૫૭,૬૦૦/- |

# બળજબરીથી કઢાવતા આરોપીની અટકાયતની વિગત

## સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન:-

## હની ટ્રેપમાં ફસાવી ધમકીઓ આપી રોકડ રુપિયા તથા સોનાના દાગીનાની બળજબરીથી કઢાવી લેતી ગેંગ પકડવામાં આવી - સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન*

શ્રી આશિષ ભાટીયા સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી પી.એલ.માલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સોલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા પર અસરકારક અમલવારીની સૂચના કરેલ હોઈ જે આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સુપરવિઝન હેઠળ ટ્રેપ ગોઠવી ગાડી નંબર આધારે અ.હે.કો. કિશોરસિંહ લક્ષ્મણસિંહ નાઓની બાતમીથી નીચે જણાવેલ આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**આરોપીઓ:-**

(૧) આકાશ ઉર્ફે વિહાભાઇ સ/ઓ અમરતભાઇદેસાઇ ઉ.વ.૨૫ રહે. ૧૭૫, હિરાબાગ સોસા. સતાધાર ઘાટલોડીયા અમદાવાદ શહેર

(૨) મેહુલ ઉર્ફે રવિ સ/ઓ જીવાભાઇ દેસાઇ ઉ.વ.૨૩ રહે. ૨૩, કૃષ્ણધામ ટેનામેન્ટ ચાંદખેડા રેલ્વે સ્ટેશન પાછળ ચાંદખેડા અમદાવાદ શહેર

(૩) જયેશ સ/ઓ રણછોડભાઇ દેસાઇ ઉ.વ.૨૩ રહે. ૨૪૫, મુખીવાસ જહાગીરપુરા અસારવા અમદાવાદ શહેર

(૪) શુભમ સ/ઓ ગકુરભાઇ દેસાઇ ઉ.વ૨૧ રહે. ૧૦, કૃષ્ણધામ કોલોની ચાંદખેડા રેલ્વે સ્ટેશન પાછળ ચાંદખેડા અમદાવાદ શહેર

(૫) વરૂણ બાબુભાઇ દેસાઇ ઉ.વ.૨૦ રહે. ૪૫, ચંદ્રેશ્વર નગર સોસા. રાયકા નગરની સામે ચાંદલોડીયા અમદાવાદ શહેર

(૬) શિવાની ડૉ/ઓ ભરતભાઈ સાધુ રહે. શેરથા ગામ

**નોંધાયેલ ગુનો:-**

સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૧૧૧૯૧૦૪૫૨૦૧૫૪૯ ઇ.પી.કો. કલમ ૩૬૫, ૩૮૬, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૫૦૬(૨), ૫૦૭, ૧૧૪ , ૧૨૦(બી), તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧)

આ કામગીરીમા સુપરવિઝન જે.પી.જાડેજા પોલીસ ઈન્સ્પેકટર, તથા અ.હે.કો. રઘુવીરસિંહ પ્રતાપસિંહ તથા અ.હે.કો. કિશોરસિંહ લક્ષ્મણસિંહ તથા અ.પો.કો. દેવેન્દ્રદાન પ્રભુદાન તથા અ.પો.કો. કમલેશકુમાર ફતાભાઈ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના જોડાયેલા હતા.

# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમ બ્રાંચ :-**

## મર્ડરના બે આરોપીઓ ત્રણ માસથી તથા ૩૦૭ ના એક આરોપી છેલ્લા બે માસથી પેરોલ રજા તથા વચગાળા જામીન મેળવી ફરાર થયેલ આરોપીને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાંચ

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના ખાસ પોલીસ કમિશ્નર શ્રી અજયકુમાર તોમર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી બી.વી.ગોહિલના નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં અસામાજીક તત્વો તથા પેરોલ, ફર્લો, ગુનાઓ તથા પાસા અટકાયતી અંગે નાસતા ફરતા ઇસમો ઉપર વોચ રાખી કાયદેસર કાર્યવાહી કરવા સુચના કરેલ.

જે સુચના આધારે પોલીસ ઈન્સ્પેક્ટર ડી.બી.બારડ નાઓના માર્ગદર્શન હેઠળ ટીમના પો.સ.ઇ. શ્રી એસ.જે.દેસાઇ તથા અન્ય માણસોએ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે,

(૧) અમરાઇવાડી પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૪૫૭/૨૦૧૧ ઇપીકો કલમ ૩૦૨, ૧૩૫ મુજબના કામે કોર્ટ કસ્ટડી હેઠળ અમદાવાદ મધ્યસ્થ જેલમાં આજીવન કેદની સજા ભોગવી રહેલ પાકા કેદી નં.ડ/૧૪૩૮૦ રાજુભાઇ લક્ષ્મણભાઇ રહે. ૭૭, પુરષોત્તમનગર, સ્વામીનારાયણ મંદિર પાસે, વિરાટનગર રોડ, ઓઢવ, તા.૩૦/૦૩/૨૦૨૦ ના રોજ પેરોલ રજા ઉપર છુટેલ હતો. જેને તા.૨૧/૦૪/૨૦૨૦ ના રોજ પેરોલ રજા પુરી થયેથી જેલ ખાતે હાજર થવાનુ હતુ. પરંતુ તે આરોપી જેલ ખાતે હાજર થયેલ નથી અને ત્રણ માસથી ફરાર થઇ ગયેલ હતો.

(૨) અમરાઇવાડી પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૦૫/૨૦૧૮ ઇપીકો કલમ ૩૦૭, ૩૨૬ મુજબના કામે કોર્ટ કસ્ટડી હેઠળ અમદાવાદ મધ્યસ્થ જેલના કાચા કેદી નં.૫૫૬/૨૦૨૦ કાંતીભાઇ ઉર્ફે કનુભાઇ મેપાભાઇ ઝાલા રહે. મકાન નં.૧૩૫, નરસિંહનગર, સ્વસ્તીક ચાર રસ્તા, અમરાઇવાડી, તા.૦૯/૦૫/૨૦૨૦ ના રોજ વચગાળા જામીન રજા ઉપર છુટેલ હતો. જેને તા.૦૯/૦૬/૨૦૨૦ ના રોજ વચગાળા જામીન રજા પુરી થયેથી જેલ ખાતે હાજર થવાનુ હતુ. પરંતુ તે આરોપી જેલ ખાતે હાજર થયેલ નહી અને બે માસથી ફરાર થઇ ગયેલ હતો.

(૩) રખીયાલ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૬૦/૨૦૧૨ ઇપીકો કલમ ૩૦૨, ૧૨૦(બી), ૧૧૪ મુજબના કામે કોર્ટ કસ્ટડી હેઠળ અમદાવાદ મધ્યસ્થ જેલમાં આજીવન કેદની સજા ભોગવી રહેલ પાકા કેદી નં.ડ/૧૫૫૭૬ સોયેબઅહેમદ ઉર્ફે પપ્પુ ચોર અહેજાજઅહેમદ સીદ્દીકી રહે. લોખંડવાળી ચાલી, નુરમહેલ હોટલની બાજુમાં, સીદ્દીકી મસ્જીદ પાસે, રખીયાલ, તા.૨૧/૦૩/૨૦૨૦ ના રોજ પેરોલ રજા ઉપર છુટેલ હતો. જેને તા.૦૫/૦૪/૨૦૨૦ ના રોજ પેરોલ રજા પુરી થયેથી જેલ ખાતે હાજર થવાનુ હતુ. પરંતુ તે જેલ ખાતે હાજર થયેલ નથી અને ત્રણ માસથી ફરાર થઇ ગયેલ હતો.

ઉપરોક્ત ત્રણેય આરોપીઓ મળી આવતા તેઓને ડીટેઇન કરી આગળની સજા ભોગવવા માટે સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે મોકલવા જરૂરી તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

## વેજલપુર પોલીસ સ્ટેશન :-

## માધુપુરા પો.સ્ટે ખુનના ગુન્હાના કામે પેરોલ જમ્પ કરી નાસતો-ફરતો આરોપીને પકડી પાડતી વેજલપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

નાયબ પોલીસ કમીશનર સાહેબ શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશનર સાહેબ શ્રી "એમ" ડિવીઝન સાહેબ નાઓએ મૌખીક સુચના આપેલ કે નાસતા ફરતા તેમજ પેરોલ ફર્લો આરોપી પકડવા સારૂં સુચના કરતા અમારા સીધા માર્ગદર્શન હેઠળ પો.સબ ઈન્સ આર.ડી રોહીત tqaa હે.કો નસરુલ્લાખાન હબીબખાન બનં. ૯૭૧૦ તથા હેડ કોન્સ વિક્રમભાઇ રામજીભાઇ બનં.૬૯૪૬ તથા લો.ર. યુવરાજસિંહ ભુપતસિંહ બનં.૧૧૪૦૨ તથા લો.રક્ષક મોહબતખાન સલાઉદ્દીનખાન બનં. ૧૧૯૯૩ લો.ર વિપુલસિંહ દોલુભા બનં. ૧૫૨૫ તથા બીજા સ્ટાફના માણસો સાથે તા. ૦૮/૦૭/૨૦૨૦ ના રોજ સાંજના જુહાપુરા તથા ફતેવાડી ચોકી વિસ્તારમા પેટ્રોલિંગમા હતા દરમ્યાન લો.ર.યુવરાજસિંહ ભુપતસિંહ બનં.૧૧૪૦૨ તથા લો.રક્ષક મોહબતખાન સલાઉદ્દીનખાન બનં.૧૧૯૯૩ નાઓની ખાનગી બાતમી હકીકત આધારે અમદવાદ મધ્યસ્થ સાબરમતી સેન્ટ્રલમાંથી વચગાળાના જામીન મેળવી જામીન પુરા થતા હાજર થયેલ નહી અને પેરોલ જમ્પ કરી નાસતો ફરતો આરોપી નામે જાકીરહુસેન મંજુરહુસેન શેખ ઉવ.૪૬ હાલ રહે. ઘર.નં. ૦૩ સ્ટાર ડુપલેક્ષ મદીના મસ્જીદ ની પાછળ નસીમ પાર્લર ની ગલી ફતેવાડી અમદાવાદ શહેર નાને હસ્તગત કરી કોરોના રિપોર્ટ કરાવી આરોપી ને અમદવાદ મધ્યસ્થ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે સોંપી પ્રશંસનીય તથા ઉમદા કામગીરી કરેલ છે.તા૧૦/૦૭/૨૦૨૦



# જુગારના આરોપીની અટકાયતની વિગત

## સરદારનગર પોલીસ સ્ટેશન :-

## જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૦૪ સાહેબ તથા મદદનીશ પોલીસ. કમીશ્નરશ્રી " જી" ડીવીજન નાઓ તરફથી પ્રોહી-જુગારની પ્રવૃત્તી નેસ્ત-નાબુદ કરવા અંગેની સુચના આધારે પોલીસ ઇન્સપેકટર એચ.બી.પટેલ સરદારનગર પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સ.ઇ એમ.જી ઢોડીયા તથા સાથેના સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન સાથેના એલ.આર.ચેતનભાઇ હાજાભાઇ બ.ન.૧૨૮૬૩ તથા એલ.આર.અમરતકુમાર ઉમાજી બ.ન.૧૧૯૨૫ નાઓને મળેલ ખાનગી બાતમી હકિકત આધારે ગણેશભાઇ મનબહાદુર રાજપુત રહે સંતોષી નગરના છાપરા રેલ્વેપાટા પાસે કુબેરનગર સરદારનગર તથા અન્ય ૦૮મળી કુલ - ૦૯ ઇસમોને સંતોષી નગરના છાપરા ખાતે ગણેશભાઇ મનબહાદુરના મકાનની બાજુમા આવેલ ઓટલા પર ખુલ્લી જગ્યામા ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરેલ છે.

**આરોપીઓના નામ;-** (૧) ગણેશભાઇ મનબહાદુર જાતે-રાજપુત ઉ વ ૩૮ રહેવાસી- સંતોષીનગર ના છાપરા રેલ્વે પાટા પાસે કુબેરનગર અમદાવાદ શહેર (૨)કલ્પેશ નટવરલાલ જાતે-ચાવડા ઉ વ ૩૬ રહેવાસી-હરજીભાઇ દેસાઇ ના મકાનમા ચેહરનગર સાકેત સ્કુલની પાછળ સૈજપુર અમદવાદ શહેર. (૩)વિનોદકુમાર માણેકચંદ જાતે-જૈન ઉ વ ૬૦ રહેવાસી- એ/૫૩ વિનાયક પાર્ક સોસાયટી વસ્ત્રાલ રોડ નિકોલ અમદાવાદ શહેર (૪)ભાઇલાલ રમણભાઇ જાતે-ખ્રિસ્તી ઉ વ ૫૬ રહેવાસી- મ.ન.૧૦૧ જોગમાયા નગર અમારાઇવાડી અમદાવાદ શહેર (૫) મુકેશ નથ્થુરામ જાતે-શર્મા ઉ.વ ૪૧ રહેવાસી- મ.ન.૨૨૨,મેવાડ નમકીન પાસે કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર (૬)સંજયકુમાર જયંતીભાઇ જાતે-જાદવ ઉ વ ૩૨ રહેવાસી-મ.ન-૭,ઘાસી ની ચાલી અશોકમીલ નરોડા રોડ શહેરકોટડા અમદાવાદ શહેર (૭) દેવદત તુલસીદાસ જાતે.બ્લોકા નં-૧૦૯,રુમ નંબર ૮૫૬,ગુજરાત હાઉસીંગ બોર્ડ હાટકેશ્ર્વર ખોખરા અમદવાદ શહેર (૮)મયુદીન દાઉદભાઇ જાતે-શેખ ઉવ-૫૦ રહે.સોજતવાલાની ચાલી સરકારી ગુદામ પાસે દાણીલીમડા સરદારનગર અમદાવાદ શહેર (૯) દિનેશભાઇ અર્જુનલાલ જાતે.રાજાણી ઉ.વ.૩૫ રહે.મ.ન.૧૦૩/૩,આનંદગલી ઠક્કરનગર કૃષ્ણનગર અમદાવાદ શહેર મુળવતન-ગામ-અકબરપુર તા.ઉમરેણ જી.અલવર રાજસ્થાન

## મુદ્દામાલ;-

(૧) રોકડ રૂપીયા-૧૩૭૯૦/તથામોબાઇલ નંગ-૦૪ કિ.રૂ.૨૦૦૦/-કુલ્લે રૂપીયા-૧૫૭૯૦/- નો મુદ્દામાલ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી ;-

(૧) પો.સ.ઇ એમ.જી ઢોડીયા (૨) એ.એસ.આઇ.રઘુભાઇ વિઠ્ઠલભાઇ બ.ન.૧૩૪૭૯ (૩) અ.હે.કો.અનીલ બાલકૃષ્ણ બ.ન.૩૯૧૭ (૪) અ.હે.કો કુણાલકુમાર અશોકકુમાર બ.ન.૪૪૪૩ (૫) પો.કો કિરણકુમાર ચંદુલાલ બ.ન.૫૭૭૦ (૬) પો.કો પ્રગનેશભાઇ કાનજીભાઇ બ.ન.૫૮૭૭ (૭) એલ.આર. ચેતનભાઇ હાજાભાઇ બ.ન.૧૨૮૬૩ (૮) એલ.આર.અમરતકુમાર ઉમાજી બ.ન.૧૧૯૨૫ વિગેરે.



## સરદારનગર પોલીસ સ્ટેશન :-

### જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-0૪ સાહેબ તથા મદદનીશ પોલીસ. કમીશ્નરશ્રી " જી" ડીવીજન નાઓ તરફથી પ્રોહી-જુગારની પ્રવૃત્તી નેસ્ત-નાબુદ કરવા અંગેની સુચના આધારે પોલીસ ઇન્સપેકટર એચ.બી.પટેલ સરદારનગર પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સ.ઇ એમ.જી ઢોડીયા તથા સાથેના સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન સાથેના પો.કો કિરણકુમાર ચંદુલાલ બ.ન.૫૭૭૦ તથા અ.પો.કો પ્રજ્ઞેશભાઇ કાનજીભાઇ બ.ન-૫૮૭૭ નાઓને મળેલ ખાનગી બાતમી હકિકત આધારે છોટુભાઇ રામધારી જાતે-કુશવાહ ઉ વ ૫૫ રહેવાસી- સંતોષીનગર ના છાપરા રેલ્વે પાટા પાસે કુબેરનગર અમદાવાદ શહેર તથા અન્ય 0૩ મળી કુલ- 0૪ ઇસમોને સંતોષીનગર છોટુભાઇ રામધારી કુશવાહ ના મકાનની બાજુમા આવેલ ઓટલા પર ખુલ્લી જગ્યામાં ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરેલ છે.

**આરોપીઓના નામ;-** (૧) છોટુભાઇ રામધારી જાતે-કુશવાહ ઉ વ ૫૫ રહેવાસી- સંતોષીનગર ના છાપરા રેલ્વે પાટા પાસે કુબેરનગર અમદાવાદ શહેર (૨)વિશાલ જેઠાનંદ જાતે-ઠરવાણી ઉ વ ૨૪ રહેવાસી-મ.ન-૪૫૪/બી,સિંધી કોલોની કુબેરનગર અમદવાદ શહેર (૩)રણજીતજી રોહિદાસ જાતે-ઘમંડે ઉ વ ૪૫ રહેવાસી- રાજ્ધાની ચોક મેલડી માતાના મંદીર પાસે છારાનગર કુબેરનગર નિકોલ અમદાવાદ (૪) લાલસિંગ પ્રતાપસિંગ જાતે-ચૌહાણ ઉવ ૩૫ રહેવાસી- પાલુન્દ્રા તા.દહેગામ જી.ગાંધીનગર

**મુદ્દામાલ;-** (૧) કુલ રોકડ રૂપીયા ૧૩૭૯૦/- તથા મોબાઇલ નંગ-0૪ કિ.રૂ.૨૦૦૦/-કુલ્લે રુપીયા ૧૫૭૯૦/- નો મુદ્દામાલ

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી ;-**(૧) પો.સ.ઇ એમ.જી ઢોડીયા (૨) એ.એસ.આઇ.રઘુભાઇ વિઠ્ઠલભાઇ બ.ન.૧૩૪૭૯ (૩) અ.હે.કો.અનીલ બાલકૃષ્ણ બ.ન.૩૯૧૭ (૪) અ.હે.કો કુણાલકુમાર અશોકકુમાર બ.ન.૪૪૪૩ (૫) પો.કો કિરણકુમાર ચંદુલાલ બ.ન.૫૭૭૦ (૬) પો.કો પ્રગનેશભાઇ કાનજીભાઇ બ.ન.૫૮૭૭ (૭) એલ.આર. ચેતનભાઇ હાજાભાઇ બ.ન.૧૨૮૬૩ (૮) એલ.આર.અમરતકુમાર ઉમાજી બ.ન.૧૧૯૨૫ વિગેરે.



# પ્રોહીબીશનના આરોપીની અટકાયતની વિગત

**સરદારનગર પોલીસ સ્ટેશન :-**

## ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાંડની બોટલ તથા બીયરના ટીન નંગ- ૨૧૨/- કિ.રૂ. ૨૫,૫૦૦/-મત્તાનો જથ્થો પકડી પાડતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૦૪ સાહેબ તથા મદદનીશ પોલીસ. કમીશ્નરશ્રી " જી" ડીવીજન નાઓ તરફથી પ્રોહી-જુગારની પ્રવૃત્તી નેસ્ત-નાબુદ કરવા અંગેની સુચના આધારે પોલીસ ઇન્સપેકટર એચ.બી.પટેલ સરદારનગર પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સ.ઇ એમ.જી ઢોડીયા તથા સાથેના સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન સાથેના એ.એસ.આઇ.રઘુભાઇ વિઠલભાઇ તથા પો.કો.કિરણકુમાર ચંદુલાલ નાઓએ સંયુક્ત બાતમી હકિકત આધારે બલીયો ઉર્ફે બલાજી ઉર્ફે શ્રવણ જોરાજી ઠાકોર રહે- વાલ્મીકીઆવાસ નોબલનગર સરદારનગર અમદાવાદ નાનો કેટલોક ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો લાવી વાલ્મીકી આવસમા રાખી વેચાણ પોતાના માણસો દ્વારા વેચાણ કરાવતો હોવાથી રેડ દરમ્યાન સદર અરોપી નહી મળી આવેલ હોય અને તેના માણસો પકડાઇ ગયેલ હોઇ સદરી નાઓ વિરુધ્ધમાં ધી પ્રોહિ કલમ ૬૬(બી),૬૫(એઈ),૧૧૬(૨),૮૧ મુજબ કાયદેસર કાર્યવાહિ કરેલ છે.

**આરોપીઓના નામ;-** (૧) વિજય કનુભાઇ જાતે રાવત ઉ.વ. ૧૯ રહેવાસી-બ્લોક નં- ૧/૩૨ વાલ્મીકી આવાસ ના મકાન નોબલનગર સરદારનગર અમદાવાદ શહેર (૨) વિષ્ણુ નવનાથ જાતે યાદવ ઉ.વ. ૨૦ રહેવાસી- શર્માજીની ચાલી સુભાષનગર વાલ્મીકીઆવાસના મકાન પાસે સરદારનગર અમદાવાદ શહેર

**હાજર નહી મળી આવેલ;-** બલીયો ઉર્ફે બલાજી ઉર્ફે શ્રવણ જોરાજી ઠાકોર રહે- વાલ્મીકીઆવાસ નોબલનગર સરદારનગર અમદાવાદ

**મુદ્દામાલ;-** (૧) ભારતીય બનાવટના વિદેશી દારૂની અગલ અગલ બ્રાંડની બોટલ તથા બીયરના ટીન નંગ-૨૧૨/- કિ.રૂ. ૨૫,૫૦૦/-

**કામગીરી કરનાર અધીકારી/કર્મચારી;-**(૧) પો.સ.ઇ એમ.જી ઢોડીયા (૨) એ.એસ.આઇ.રઘુભાઇ વિઠ્ઠલભાઇ બ.ન.૧૩૪૭૯ (૩) અ.હે.કો.અનીલ બાલકૃષ્ણ બ.ન.૩૯૧૭ (૪) પો.કો કિરણકુમાર ચંદુલાલ બ.ન.૫૭૭૦ (૫) પો.કો પ્રગનેશભાઇ કાનજીભાઇ બ.ન.૫૮૭૭ (૬) એલ.આર. ચેતનભાઇ હાજાભાઇ બ.ન.૧૨૮૬૩ (૭) એલ.આર.અમરતકુમાર ઉમાજી બ.ન.૧૧૯૨૫ વિગેરે.

## ગુના નિવારણ શાખા :-

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ તા.૧૦.૦૭.૨૦૨૦ નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલક્ત સબંધી, શરીર સબંધી, પ્રોહીબીશન સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

અમદાવાદ શહેરના વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે ગાળો બોલતા હોય જેથી ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા તલવાર વડે ફરીયાદીને જમણા હાથની હથેલીમા ઘા મારી ઈજા કરી સાહેદો છોડાવવા વચ્ચે પડતા તેમને પણ શરીરે ઈજાઓ કરી ફેકચર કરી બોલાચાલી અને ઝઘડો કરનાર માથાભારે અને જનુની માનસ ધરાવનાર ઈસમ નામે ઈર્શાદ મહેંદી ઉર્ફે જીસાન દિલશાદમહેદી સજ્જાદમહેદી સૈયદ રહેવાસી- મ.ન.૨૨ અનવરનગર ગુલમહોર સોસાયટી પાસે સૈયદવાડી વટવા અમદાવાદ વિરુધ્ધમા પાસા વોરંટ જારી કરી તેઓને જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | ઈર્શાદ મહેંદી ઉર્ફે જીસાન દિલશાદમહેદી સજ્જાદમહેદી સૈયદ રહેવાસી- મ.ન.૨૨ અનવરનગર ગુલમહોર સોસાયટી પાસે સૈયદવાડી વટવા અમદાવાદ |

અમદાવાદ શહેરના ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમા ભારતીય બનાવટનો વિદેશી દારુ જનતાના સ્વાસ્થયને હાનિકારક હોવા છતા મજકુર ઈસમ નિકોલગામ ઠાકોરવાસ સીટીએમ તથા હાથીજણ ખાતેથી પોતાના સાગરિતો સાથે મળી તેમજ અજાણ્યા ઈસમો પાસેથી ગેરકાયદેસરનો વગર પાસ પરમીટના દેશીદારુનો જથ્થો પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા વેચાણ કરવાના ઈરાદે મંગાવી લાવી પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા ગેરકાયદેસરના વગર પાસ પરમીટના ભારતીય બનાવટનો વિદેશી દારુનુ વેચાણ તથા હેરાફેરી કરી ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ સંતોષભાઈ અનંતરામ ગોસ્વામી રહે.દિપાલીનગરના છાપરા પ્લોટ ન.૧૭ આદિનાથનગર ઓઢવ અમદાવાદ શહેર મુળ વતન ગામ- સેવાગંજબજાર પોસ્ટ- મહેબુબગંજ જિ.ફૈજાબાદ ઉતરપ્રદેશ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | સંતોષભાઈ અનંતરામ ગોસ્વામી રહે.દિપાલીનગરના છાપરા પ્લોટ ન.૧૭ આદિનાથનગર ઓઢવ અમદાવાદ શહેર મુળ વતન ગામ- સેવાગંજબજાર પોસ્ટ- મહેબુબગંજ જિ.ફૈજાબાદ ઉતરપ્રદેશ |

આ ઉપરાંત મિલક્તસબંધી ૨ તથા પ્રોહીબીશન સંબધી ૩ ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ ઇસમો મળી કુલ્લે ૭ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી તેઓને સુરત, જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૪૭/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૨ કેસ કરી, ૫૬ વ્યક્તિઓને ઝડપી, ૨૮૦ લીટર દેશી દારૂ, ૨૯૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન, ૨ સ્કૂટર, ૧ મોટર સાયકલ અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૯ કેસ કરી ૩૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૨૯,૪૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૪૮/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ત્યજી દીધેલ મૃત ભૃણ મળી આવવા બાબતઃ- સમાચાર યાદી નં.૧૧૪૯/૨૦૨૦

**ઓઢવઃ** તા.૧૦/૦૭/૨૦૨૦ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ ગામ તળાવની સામે આવેલ CUH હોસ્પીટલ પાછળ આવેલ વી.કે.એસ્ટેટ દુકાન નં.૫૭ હીતેષ સ્ટીલ નામના કારખાના આગળથી ત્યજી દીધેલ તાજુ જન્મેલ ભૃણ મૃત હાલતમાં મળી આવતા ઓઢવ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.કે.મકવાણા ચલાવે છે.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૧૫૦/૨૦૨૦

**કાલુપુરઃ** ધૃમલ પ્રકાશકુમાર ચુડાસમા (ઉ.વ.૨૩) (રહે. મહેતા શેરી પંચભાઇની પોળ ઘી કાંટા કાલુપુર) એ તા.૧૦/૦૭/૨૦૨૦ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૪/૨૦૨૦ બપોરના ૧/૩૦ થી તા.૦૧/૦૫/૨૦૨૦ કલાક ૦૦/૦૭ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર ૯૫૩૬૬૫૧૨૯૭ ના ધારકે તથા INDUSLND BANK A/C NO. 259555470061 IFSC CODE : INDB0000014 ના ધારકે ધૃમલ ચુડાસમાને ફોન કરી, પોતે એસ.આર.એન્ટરપ્રાઇઝ કંપનીમાંથી મંજીતસિંહ વાત કરતા હોવાનુ જણાવી પોતાની પાસે 3M8210 માસ્કનો સ્ટોક છે અને ૧૩,૦૦૦ માસ્કની કિમત રૂપિયા ૨૯,૯૦,૦૦૦/- કહી તે માસ્ક દિલ્હી ખાતે ડિલીવર કરાવવા સારૂ ઇ.વે.બીલ જનરેટ કરવા રૂપિયા ૧,૫૦,૦૦૦/- એડવાન્સ પેટે માંગી ધૃમલ ચુડાસમાને INDUSLND BANK A/C NO. 259555470061 IFSC CODE : INDB0000014 તથા કંપનીના રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ મોકલી આપી ધૃમલ ચુડાસમાને વિશ્વાસમાં લઇ ધૃમલ ચુડાસમા પાસેથી કુલ રૂપિયા ૬૦,૦૦૦/- ટ્રાન્સફર કરાવી નાણા મેળવી લઈ માસ્ક નહી મોકલી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.જી.દેસાઈ ચલાવે છે.

**સાયબર ક્રાઈમઃ** ઇશ્વરસિંગ દનાસિંગ ચૌહાણ (ઉ.વ.૩૬) (રહે. પ્રહલાદમુખીની ચાલી ગોકુલ એપાર્ટમેન્ટ સામે ઉમીયાનગર સિવીલ હોસ્પીટલની બાજુમાં મેઘાણીનગર) એ તા.૧૦/૦૭/૨૦૨૦ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૩/૨૦૨૦ થી તા.૦૮/૦૩/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ ઇશ્વરસિંગ ચૌહાણના એચડીએફસીના બેંકના ક્રેડીટ કાર્ડનો ડેટા ચોરી કરી અથવા કોઇ પણ રીતે ડેટા મેળવી ઇશ્વરસિંગ ચૌહાણના ક્રેડીટકાર્ડમાંથી બે વખત ટ્રાન્જેકશન કરી મોબીક્વીક વોલેટમાં રૂપિયા ૩૦,૦૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.જે ચૌધરી ચલાવે છે.

**શહેરકોટડાઃ** અભિનવ વિમલકાંત ભટ્ટ (ઉ.વ.૨૯) (રહે.જી.સી.એસ હોસ્પિટલ સ્ટાફ ક્વાટર્સ જી.સી.એસ હોસ્પિટલ અમદૂપુરા) એ તા.૧૦/૦૭/૨૦૨૦ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૭/૨૦૨૦ સાજના ૬/૪૦ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૯૧૨૬૫૬૯૦૫૭ ના ધારકે  અભિનવ ભટ્ટને ફોન કરી પોતે એક્ષિક્સ બેંકના કસ્ટમર કેરમાથી બોલતા હોવાનું જણાવી અભિનવ ભટ્ટનના એક્ષિક્ષ બેંક તથા યશ બેંકના ક્રેડીટ કાર્ડની લીમીટ વધારી આપવાનું જણાવી અભિનવ ભટ્ટના ક્રેડીટ કાર્ડની માહિતી મેળવી તથા અભિનવ ભટ્ટના ફોનમાં આવેલ ઓ.ટી.પી મેસેજો મેળવી લઈ અભિનવ ભટ્ટના બન્ને ક્રેડીટ કાર્ડમાથી અલગ અલગ ઓનલાઇન ટ્રાંજેકશન મળી કુલ રૂપિયા ૧,૫૯,૫૫૮/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.બી.ડાભી ચલાવે છે.

**સરખેજઃ** રીનાબહેન વા/ઓફ નિમેષભાઇ શર્મા (ઉ.વ.૪૨) (રહે. પરપલ એવન્યુ, મેપલ કાઉન્ટી ૦૨ શીલજ રેલ્વે ફાટક પાસે થલતેજ) એ તા.૧૦/૦૭/૨૦૨૦ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૬/૨૦૨૦ કલાક ૩/૧૪ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૯૭૩૦૨૯૫૧૫૩ ના ધારકે રીનાબહેન શર્માને ફોન કરી પે.ટી.એમ.માંથી રાહુલ શર્મા નામ જણાવી તમારૂ પે.ટી.એમ. કે.વાય.સી. એક્સ્પાયર થાય છે તેમ જણાવી લીંક મોકલી લીંક ખોલાવી રીનાબહેન શર્માના પે.ટી.એમ.વોલેટમાંથી રૂપિયા ૩૫,૯૩૪/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.બી.ગોયલ ચલાવે છે.

**નરોડાઃ** વિજયભાઇ મફતલાલ પરમાર (ઉ.વ.૩૮) (રહે. કૃષ્ણનગર હાઉસિંગ બોર્ડ નરોડા) એ તા.૧૦/૦૭/૨૦૨૦ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૮/૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) સુમીતકુમાર પ્રકાશભાઇ છતાણી (રહે. મધુવન ગ્લોરી વીક્ટોરીયા હાઉસ નજીક ધરણીધર બંગ્લોઝ રોડ નવા નરોડા અને (૨) પ્રકાશ રમણલલા વોરા (રહે. બાલકૃષ્ણનગર સોસાયટી શનીદેવ મંદીર પાસે સૈજપુર બોઘા) એ ભેગા મળી માછલી ઉછેર કરવાના ધંધા બાબતે માહીતી આપી બે મહીનામા માછલી તૈયાર થઈ જશે જેમાં ૮૦% નફો કરાવી આપવાની લાલચ આપી ધંધા માટે રૂપિયા ૭,૦૦,૦૦૦/- રોકાણ કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

**સરદારનગરઃ** (૧) અજય વિક્રમસિંહ ચાવડા (ઉ.વ.૨૧) (રહે. શ્રીમનપાર્ક સોસાયટી નોબલનગર સરદારનગર) એ તા.૧૦/૦૭/૨૦૨૦ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૬/૨૦૨૦ થી તા.૦૮/૦૬/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર ૮૩૪૮૭૬૯૯૨૪ ના ધારકે અજય ચાવડાને ફોન કરી વાત કરી અજય ચાવડાને કમ્પ્યુટરમાં જોબ લાગી છે તેમ કહી વિશ્વાસમાં લઈ અજય ચાવડાના બેન્ક ખાતામાંથી HDFC A/C નં ૫૦૧૦૦૨૯૮૩૭૭૩૭૬ ના ખાતામાં કુલ રૂપિયા ૫૨,૦૦૦/- ટ્રાન્સફર કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.બી.બારડ ચલાવે છે.

**સરદારનગરઃ** (૨) ગુલાબભાઇ કિશનચંદ લાલચંદાની ઉ.વ ૩૨ રહે. જયઅંબે સોપીંગ સેન્ટર જુના જીવોર્ડ ગુલશન પાર્ટી પ્લોટ પાછળ કુબેરનગર સરદારનગર) એ તા.૧૦/૦૭/૨૦૨૦ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ગુલાબભાઇ લાલચંદાનીના મોબાઈલ પર બજાજ ફાયનાન્સની લીંકનો મેસેજ આવેલ જે મેસેજ મા એક ફોર્મ હતુ અને તે ફોર્મમા લોનને લગતી વિગત હતી. ગુલાબભાઇ લાલચંદાનીને રૂપિયા ૫૦,૦૦૦/- લોનની જરૂર હતી જેથી ગુલાબભાઇ લાલચંદાનીએ ફોર્મ ભરી લીંક ઉપર સબમીટ કરેલ. ત્યારબાદ મોબાઈલ નંબર ૮૫૮૫૮૮૩૪૦૨ ના ધારકે ગુલાબભાઈ લાલચંદાનીને ફોન કરી બજાજ ફાઇનાન્સ જયપુર બ્રાચથી અનસુમન શાહુ બોલુ છુ તેમ કહી ગુલાબભાઈ લાલચંદાનીને વિશ્વાસમા લઇ રૂપિયા ૫૦/- ફોન પે માથી એકાઉન્ટ ૬૮૨૬૩૦૨૮૫૨ જેનો IFC કોર્ડ IDIB 000J003 જયપુર બ્રાચના ખાતામા ભરાવી ગુલાબભાઈ લાલચંદાનીના બેંક ખાતામાથી કુલ રૂપિયા ૨૪,૧૫૦/- ટ્રાન્સફર કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ.બી.પટેલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૧૫૧/૨૦૨૦**

**નરોડાઃ** દિપ્તીબહેન અશ્વિનભાઇ મહેતા (રહે. ગોકુલ ફલેટ એલ.આઇ.જી. નીલકંઠ મહાદેવ મંદીરની બાજુમા નરોડા જી.આઇ.ડી.સી.નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૭/૨૦૨૦ કલાક ૧૦/૧૫ થી તા.૧૦/૦૭/૨૦૨૦ કલાક ૬/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૪૫,૦૦૦/-, ચાંદીની કંકાવટી નંગ-૨ કિમત રૂપિયા ૧૦,૦૦૦/-, ચાંદીના સિક્કા નંગ-૨૫ કિમત રૂપિયા ૨૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.કે.મોરી ચલાવે છે.

**ઇસનપુરઃ** અશોકભાઇ નગારામ ચૌધરી (રહે. વિશાલનગર ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૧૦/૨૦૨૦ રાતના ૮/૦૦ થી તા.૧૦/૦૭/૨૦૨૦ કલાક ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન ઇસનપુર ગોવિંદવાડી ભગવાનનગર પાસે ચાંમુડા કોમ્પલેક્ષમાં દુકાન નં-૧૩ ન્યુ રાજ મોબાઇલ એસેસરીઝ એન્ડ રીપેરીંગ નામની પોતાની દુકાનના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી અલગ અલગ કંપનીના અલગ-અલગ મોડલના મોબાઇલની કોમ્બો ડિસ્પ્લે અને મોબાઇલ ફોન નંગ-૨ તથા કેમેરાનુ ડી.વી.આર મળી કુલ કિમત રૂપિયા ૫૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.આર.ગળચર ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૫૨/૨૦૨૦</u>**

**કાલુપુરઃ** જીતેન્દ્ર મોહનભાઇ ક્રિપલાની (રહે. સમીક્ષા એપાર્ટમેન્ટ પંજાબી હોલ પાસે નવરંગપુરા બસ સ્ટેન્ડ પાસે નવરંગપુરા) એ તા.૧૦/૦૭/૨૦૨૦ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ફેબ્રુઆરી/૨૦૨૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર રીફીલ રોડ પર આવેલ મુર્તીમંત કોમ્પલેક્ષમાં બીજા માળે દુકાન નંબર ૨૦૯ ગોડાઉનમાંથી મોબાઇલ એસેસરીઝ, ચાર્જર, હેન્ડફ્રી, સ્પીકર, સ્માર્ટ વોચ વિગેરે માલ પૈકી ડબલ્યુ-૩૪ સ્માર્ટ વોચ નંગ-૧૦૦ મળી કુલ કિમત રૂપિયા ૮૩,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એમ.ચોધરી ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૫૩/૨૦૨૦</u>**

**સોલા હાઈકોર્ટઃ** રાજવિરસિંહ સ/ઓ મહિપતસિંહ ગોહેલ (રહે. નાનો બારોટ વાસ થલતેજ ગામ થલતેજ) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૭/૨૦૨૦ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ. શ્રી એમ.જે.હુણ ચલાવે છે.

**ચાંદખેડાઃ** પ્રિત સ/ઓફ મનિષભાઇ પટેલ (ઉ.વ.૧૭) (રહે. ઓમકાર સ્ટ્રીટ ટી.પી-૪૪ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૭/૨૦૨૦ બપોરના ૩/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્ર ભગવાનરાવ ચલાવે છે.

**વેજલપુરઃ** રહેનુમા ડો/ઓફ મોઈનભાઈ શેખ (ઉ.વ.૨૨) (રહે. સાઈન રો હાઉસ સોનલ સિનેમા પાસે વેજલપુર રોડ વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૭/૨૦૨૦ રાતના ૧૧/૦૦ થી તા.૧૦/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.સી.પરમાર ચલાવે છે.

**બાપુનગરઃ** દિલીપભાઇ પુનમાજી પ્રજાપતિ (ઉ.વ.૪૫) (રહે. હર્ષદ કોલોની ડી-માર્ટ સામે બાપુનગર) ના ઘરે ત્રણ પુત્રી હતી અને ત્યારબાદ પણ દિલીપભાઈના ઘરે પુત્રીનો જન્મ થતા દિલીપભાઈની પુત્રી ભૂમિકાબહેન (ઉ.વ.૧૫) ને ભાઈ ના હોવાથી મનમાં લાગી આવતા તા.૧૦/૦૭/૨૦૨૦ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુક સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.શેઠ ચલાવે છે.

**ખોખરાઃ** કેનેથ વેલીગટન ક્રીશ્ચ્યન (ઉ.વ.૪૨) (રહે. ઇશ્વરકૃપા ફ્લેટ હરીપુરા ખોખરા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૭/૨૦૨૦ કલાક ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.બોડાત ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી